મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૧૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૯ ટકા

**ગાંધીનગર તાપમાન**

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'કિલક'..!!

સંકલન : સમીર રામી



## રાજમાર્ગ પર હવે 'રાજપક્ષી'નું રજવાડું...!!

'હું ભારતનું રાષ્ટ્રીય પક્ષી છું, અને આ છે મારો રાજમાર્ગ...!!' કંઈક આવી જ અદાથી આ સુંદર મોર લૉકડાઉનમાં સુમસામ પડેલા પાટનગરના રાજમાર્ગ પર મ્હાલી રહ્યો છે અને જાણે કહી રહ્યો છે કે 'હે માનવી, ભલે તે ડામરની સડકો બનાવી લીધી, પરંતુ તેની તળે દબાયેલું, કચડાયેલું, નંદવાયેલું જંગલ અમારું છે, અને અમે જયારે ઈચ્છીયે ત્યારે તેને પરત મેળવવા સક્ષમ છીએ...!!'

## પ્રમુખ ગૃપ દ્વારા અનાજ-કરિયાણા-તેલની કીટનું વિતરણ



શહેરમાં કોરોના મહામારીની કટોકટીના પગલે લૉકડાઉનની સ્થિતિમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમિકોના પરિવારના ઘરે ચુલો સળગતો રહે તે હેતુથી અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા અનાજ-કરિયાણાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. શહેરના જાણીતા બિલ્ડર પ્રમુખ ગૃપ દ્વારા પણ આ પરિસ્થિતિમાં કરૂણા દાખવતા ઘઉંનો લોટ, ચોખા, મગદાળ ઉપરાંત ગોળ-તેલ સાથે જરુરી મસાલા સહિતની કુલ ૧૧૦ કીટસનું શહેરના શ્રમિકોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

## જુઓ, આને કહેવાય 'ડિજીટલ ઈન્ડિયા'...!!



જયાં સુધી તમારામાં નવું નવું જાણવાની જિજ્ઞાસા છે, ત્યાં સુધી તમારું જીવન છે કેમ કે આ વિશ્વ એ અઢળક આશ્ચર્યોથી ભરેલો અગાધ સાગર છે. મારે ઘણું વાંચવું છે કે ઘણું જાણવું છે પરંતુ મારી પાસે સમય નથી તેવું કહેનારા અત્યારે લોકડાઉનના પિરિયડમાં અઢળક સમય મળવાં છતાં તેને સોશ્યલ મિડીયા પર જોકસ પાસ કરવામાં કે ટીવી પર પાલતુ સિરીયલ્સ જોવામાં વેડફી રહ્યા છે. જયારે બીજી તરફ જેમણે 'જમાનો જોયો છે' તેવા આ વડીલ લૉકડાઉનના સમયમાં મકાનને ધાબે બેસીને લેપટોપ ચલાવી રહ્યા છે તે સાથે પોતાની પત્નીને કંઈક સમજાવી રહ્યા છે, કદાચ 'ડિજીટલ ઈન્ડિયા' થકી વડાપ્રધાન આ પ્રકારની સ્થિતિ જ ઝંખી રહ્યા હતા...!!



## ખરેખર તો માનવીએ પોતાનો ચહેરો અરીસામાં નિહાળવાની જરૂર છે!!

કોરોના વાઈરસને કારણે સર્જોલી વૈશ્વિક કટોકટીમાં માનવીને એક વાતનું તો ભાન થઈ જ ગયું છે કે 'પ્રકૃતિને નુકસાન પહોંચાડવામાં માનવીએ કોઈ કસર છોડી નહોતી પરંતુ પ્રકૃતિ જયારે ઈચ્છે ત્યારે પોતાનું સંતુલન પોતાની જાતે જ સાધી શકવા સક્ષમ છે અને પોતાના સ્વાર્થ ખાતર પ્રકૃતિનો કચ્ચરઘાણ વાળતા માનવીની સાન ઠેકાણે લાવવા માટે પ્રકૃતિ પાસે નરી આંખે દેખાય નહીં તેવા વિષાણુનું શસ્ત્ર પણ કાફી છે.' આજે કારના સાઈડ ગ્લાસમાં નિર્દોષતાથી પોતાના પ્રતિબિંબને નિહાળી રહેલા પક્ષીને જોઈને એક વિચાર આવે છે કે ખરેખર તો 'જરૂર તો માનવીએ પોતાનો ચહેરો અરીસામાં નિહાળવાની છે અને તે સાથે આત્મચિંતન કરવાની તાતી જરૂર છે.'

## શહેરમાં શાકભાજીવાળાનું સલામતી સાથે સેલીંગ...!!



'ભૂલ હતી પાસપોર્ટવાળાની અને હવે ભોગવવું પડી રહ્યું છે રેશનકાર્ડવાળાએ.' સોશ્યલ મિડીયા પર વાઈરલ થઈ રહેલો આ મેસેજ ખૂબ જ સટિક છે અને આજે પણ આ 'પાસપોર્ટવાળાઓ' કોરેન્ટાઈનનો ભંગ કરી રહ્યા છે કે પાન-ગુટખા-મસાલા ખાવા લૉકડાઉનનો ભંગ કરી પોલીસ પર સીનાજોરી કરી રહ્યા છે, જયારે બીજી તરફ શાકભાજી વેચતો આ લારીવાળો સામાન્ય માનવી માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ જેવા સલામતીના સાધનોનો ઉપયોગ કરવાનું ચુકતો નથી...!!

# પીડીપીયુ માર્ગ પર બે જગ્યાએ એકઠા થયેલા ૧૧ નાગરીકો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૩૧

કોરોના વાયરસને પગલે ભારતભરમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. કોરોના વાયરસને કાબુમાં કરવા માટે તંત્ર કમરકસી રહ્યું છે ત્યારે કેટલાક નાગરીકો હજુ પણ આ રોગની ગંભીરતા નહી સમજીને કામ વિના બહાર અડીંગા જમાવી સોસાયટીના નાકે બેસી રહે છે. પોલીસે હવે સોસાયટીની અંદર બેસી રહેતા અને બહાર ઉભા રહીને ગપાટા મારતા નાગરીકોને શોંધીને ગુનો નોંધવાનું શરુ કર્યું છે. ત્યારે ઈન્ફોસીટી પોલીસે રાયસણમાં પીડીપીયુ માર્ગ પર બે સ્થળથી કુલ ૧૧ નાગરીકોને પકડી પાડી તેમની સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોના ડરના પગલે જાહેરનામાની કડક અમલવારી માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી પોલીસે જિલ્લામાં પેટ્રોલીંગ વધારી દીધુ છે ત્યારે શહેરના એલસીબી અને એસઓજી પોલીસે રાયસણના પીડીપીયુ માર્ગ પર બે સ્થળે ટોળે વળીને ઉભા રહેલા ૧૧ નાગરીકોને પકડી પાડ્યા હતા. તેમની સામે ઈન્ફોસીટી પોલીસ ગુનો નોંધાયો છે. જાહેરનામાં ભંગ બદલ ઝડપાયેલા શખ્સોમાં રાયસણના ગીરીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (રહે.આશ્કા બંગ્લોઝ), કનુભાઈ હરગોવનદાસ પટેલ, સાંકાભાઈ જોઈતાભાઈ પટેલ (ગણેશ સીટાડેલ), બળદેવ શંકરદાસ પટેલ (ગણેશ સીટાડેલ), ધર્મેન્દ્રભાઈ નાથાભાઈ પટેલ (સ્પર્શ હવેલી) તુષાર ડાહ્યાભાઈ પટેલ પ્રદ્યુમનસિંહ ભગવતસિંહ રહેવર (શાહીકુટીર), દિનેશ પરષોતમભાઈ પટેલ, પિયુશકુમાર નાથાલાલ પટેલ (શાહીકુટીર), ચિન્મય કનુભાઈ પટેલ (શાહીકુટીર બંગ્લોઝ) અને જીતુભાઈ મથુરભાઈ પટેલનો સમાવેશ થાય છે. લોકડાઉનના કડક અમલીકરણ માટે પોલીસે પેટ્રોલીંગ સાથે ડ્રોન કેમેરાથી નજર રાખી રહી છે ત્યારે હવે પોલીસ સોસાયટીઓમાં બેસી રહેતા અને પોલીસ ને જોઈને સંતાઈ જતા નાગરીકોને પકડી પાડવા માટે આયોજન હાથ ધરાયુ છે. જેમાં પોલીસ ગમે તે સમયે સોસાયટી કે તેની આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરશે. જેમાં કોઈ જાહેરનામા ભંગ કરતા નજરે પડશે તો પોલીસ તેની સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરશે.

## જય જલારામ ભોજનાલય દ્વારા શ્રમિક પરિવારોને ભોજનનું વિતરણ

ગાંધીનગર, તા.૩૧

કોરોનાના કહેર વચ્ચે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ છે ત્યારે ઠેર ઠેર માનવતાની મહેંક મહેંકી ઉઠી છે. ઘ-૫ ચોપાટી વિસ્તારમાં આવેલા જય જલારામ ભોજનાલયના સંચાલકો દ્વારા નગરમાં વસતા શ્રમજીવી પરિવારોને છેલ્લા નવ દિવસથી સવાર-સાંજનું ભોજન તૈયાર કરી પુરું પાડવામાં આવી રહ્યું છે.

જય જલારામ ભોજનાલયના સંચાલકો દ્વારા નગરમાં વસતા શ્રમજીવી પરિવારોને છેલ્લા ૯ દિવસથી સવાર-સાંજ ભોજન પુરું પાડવામાં આવે છે. આશરે ૩૫૦ થી ૪૦૦ વ્યકિતને સવાર-સાંજ ભોજન અપાય છે. આ ઉપરાંત શહેરમાં ઠેર ઠેર ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને 'ચા'નું વિતરણ કરવામાં આવે છે. આ માનવસેવા પુરી પાડવામાં જય જલારામ ભોજનાલયના જયપ્રકાશભાઈ કુંભરવાડીયા અને તેમના સહયોગી રાકેશભાઈ જાની, અશોકભાઈ રાઠોડ, રાજેન્દ્રસિંહ ચૌહાણ, રમેશભાઈ વાઘેલા, નિલેશભાઈ ઠકકર, નયનભાઈ રાવલ અને તેમની ટીમ શહેરના જુદા જુદા શ્રમજીવી વિસ્તારોમાં જઈ જરૂરીયાતમંદોને ભોજનનું વિતરણ કરી રહી છે.



ગાંધીનગરના ખુબ જ જાણીતા શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩ દ્વારા પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી રૂ.બે લાખ આર્થિક સહયોગ રૂપે મુખ્યમંત્રી શ્રી રાહત ફંડમાં સમર્પણ કરવામાં આવ્યા હતા. સે-૨૩ના આ મંદિર દ્વારા સમાજ સેવાનાં બહુવિધ કાર્યો થતાં રહેતાં હોય છે. જેના ભાગ રૂપે આ કોરોના વાયરસની આપત્તિમાં સરકારશ્રી દ્વારા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે, ત્યારે ગાંધીનગર સે-૨૩ના આ સ્વામિનારાયણ મંદિર દ્વારા આર્થિક સમર્પણ કરી ઉમદા ઉદાહરણ પુરૂ પાડવામાં આવ્યું હતું.

# આ વર્ષે 'એપ્રિલ ફૂલ'ની પ્રથાને જ બનાવો એપ્રિલફૂલ...!!

### કોઈને એપ્રિલ ફૂલ બનાવતાં કે કોરોના સંબંધીત ભય અથવા ખોટી અફવા ફેલાવતાં મેસેજ નહીં કરવા શહેરીજનોને અપીલ : ઘરે રહી સોશ્યલ ડિસ્ટન્સ જાળવી 'કોરોના'ને જ બનાવો એપ્રિલ ફુલ..!!

ગાંધીનગર, તા.૩૧

સામાન્ય રીતે દર વર્ષે પહેલી એપ્રિલે સમગ્ર વિશ્વમાં એકબીજાને 'એપ્રિલ ફૂલ' બનાવવાની મજાક - મસ્તીભરી ઉજવણી કરવાની પ્રથા છે પરંતુ દયનીય સ્થિતિ સાથે આ વર્ષે દુનિયાનાં ૧૯૫ દેશોની પ્રજાને લૉકડાઉનમાં મૂકનાર કોરોના વાયરસને જ 'એપ્રિલ ફૂલ' બનાવવાની તક સાંપડી છે. ગાંધીનગર અને ગુજરાત સહિત સમગ્ર દેશ - દુનિયામાં કહેર અને ભયનો માહોલ સર્જનાર કોરોના વાયરસને એપ્રિલ મહિનામાં જ પરાસ્ત કરવા લોકડાઉન સુધી ઘરમાં જ સુરક્ષિત અને સ્વસ્થ રહેવાની જરૂર છે. આ સાથે આ વખતે પહેલી એપ્રિલે કોઈને એપ્રિલ ફૂલ બનાવતાં કે કોરોના સંબંધીત ભય અથવા ખોટી અફવા ફેલાવતાં મેસેજ નહીં કરવા માટે જાગૃત નાગરિકો દ્વારા જાહેર જનતાને કરવામાં આવી રહી છે.

દર વર્ષે પહેલી એપ્રિલે 'એપ્રિલ ફૂલ' બનાવી મજાક - મસ્તી કરતાં નાગરિકો અત્યારે કોરોનાનાં કહેરમાં ભયના માહોલ સાથે ખૂબ જ દયનીય સ્થિતિમાં મૂકાયેલા છે. અત્યારે 'એપ્રિલ ફૂલ બનાયા તો ઈનકો ગુસ્સા આયા..!' જેવો કયાંય માહોલ નથી. કોરોનાના કહેર અને લૉકડાઉનનાં કારણે મજાકરૂપ બની ગયેલા જીવનમાં નાગરિકો સોશ્યલ મીડિયામાં જોક્સ, મનોરંજન અને સુરક્ષાનાં મેસેજ મૂકી જાણે જિંદગીની મજા લઈ રહ્યાં છે..! પરંતુ એપ્રિલ ફૂલ જેવી મજાક - મસ્તી છીનવાઈ ગઈ છે.

કોરોનાના આ આક્રમણ સામે સમગ્ર વિશ્વની પ્રજા ઘરની બહાર નીકળી લોકડાઉનના ભંગ સાથે એપ્રિલ ફૂલ બની જાય નહીં તેની તકેદારી રાખવાની ખાસ જરૂર છે. ગાંધીનગર અને ગુજરાત સહિત સમગ્ર દેશ - દુનિયામાં કહેર અને ભયનો માહોલ સર્જનાર કોરોના વાયરસને એપ્રિલ મહિનામાં જ પરાસ્ત કરવા લૉકડાઉન સુધી ઘરમાં જ સુરક્ષિત અને સ્વસ્થ રહેવાની જરૂર છે. આ સાથે આ વખતે પહેલી એપ્રિલે કોઈને 'એપ્રિલ ફૂલ' બનાવતાં કે કોરોના સંબંધીત ભય અથવા ખોટી અફવા ફેલાવતાં મેસેજ નહીં કરવા માટે અપીલ રાજ્યના ડીજી શિવાનંદ ઝા દ્વારા પણ આજની પ્રેસ કોન્ફરન્સમાં કરવામાં આવી છે.

## સેકટર-૧૩ છાપરામાંથી ૨૮ હજારના દાગીનાની ચોરી

ગાંધીનગર, તા.૩૧

કોરોનાના ભયના માહોલ વચ્ચે નાગરીકો ઘરમાં પુરાઈ રહ્યા છે.ત્યારે શહેરના સેકટર-૧૩ના છાપરા વિસ્તારમાં ઘરફોડ ચોરીની ઘટના સામે આવી છે. છાપરામાં રહેતા મનુભાઈ વેલજીભાઈ પરમાર (ઉં.૫૯)એ સેકટર-૧૬ ખાદી ભવન ખાતે માર્ગ મકાન વિભાગમાં સફાઈ કામદાર તરીકે કામ કરે છે. ગત તા.૨૩ માર્ચના રોજ તેઓ પોતાના ઘરના લોખંડના દરવાજાને લોક મારીને પોતાના ગામે ધંધુકાના ઝાંઝરકા ખાતે ગયા હતા.વનતમાં માતાજીની પ્રાણ-પતિષ્ઠા માટે વતન ગયેલા મનુભાઈને બીજા દિવસે એટલે ૨૪ માર્ચના રોજ પાડોશી ઘનશ્યામ દેવાભાઈ કબીરાનો ફોન આવ્યો હતો. જેમાં ઘરના દરવાજાનો નકુચો તુટેલો હોવાનું અને ઘરનો સામાન વેર વિખેર હાલતમાં હોવાનું કહ્યું હતું. જેથી તેઓ તાત્કાલીક ઘરે આવીને તપાસ કરતા ૨૮ હજારના સોનાના દાગીના ગુમ હતા.જેથી તેઓએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ડોગસ્કવોડ અને ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ શરુ કરી છે.

## રાંધેજા-ટીંટોડા ખાતે પાનના ગલ્લા ખુલ્લા રાખનાર ૫ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૩૧

કોરોનાના ભયને પગલે સમગ્ર રાજયમાં લૉકડાઉનની પરિસ્થિતિ છે અને સમગ્ર દુકાનો અને તેમાંય પાન-ગલ્લાની દુકાનો ખુલ્લી ન રાખવા ફરમાન કરાયું છે ત્યારે પેથાપુર પોલીસે રાંધેજા અને ટીંટોડા ગામમાં પાનના ગલ્લા ખુલ્લા રાખનાર વ્યકિતઓ મળીને કુલ ૫ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના એ.જી. એનુરકરના માર્ગદર્શનમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે રાંધેજા ચોકડી નજીક આવેલી શ્રીનાથ હોટેલ એન્ડ પાન પાર્લર ખાતે પાન મસાલા અને ગુટખાનું વેચાણ ચાલુ હતું. ત્યારે પાર્લરમાં બેઠેલ શખ્સ પુષ્પેન્દ્ર મહોરસિંહ યાદવ (ઉં.વ.૩૨ રહે. શ્રીનાથ હોટલ) હતો. જયારે બહાર ઉભેલા શખ્સો ભગવાનદાસ રામજીભાઈ ઠક્કર (રહે. શ્રીનાથ હોટલ), વિક્રમ રાયસીંગભાઈ ચુનારા (શ્રીનાથ હોટલ પાછળ) તેમજ વિજેન્દ્રસિંહ રણજીતસિંહ ડાભી(પેથાપુર)હોવાનુ સામે આવ્યું હતું.

તમામ સામે પોલીસે જાહેરનામા ભંગની ફરીયાદ નોંધાવી છે. બીજી તરફ ટીંટોડા ગામે લીલાજીના વાસમાં કરીયાણાની દુકાન પાન-મસાલાનું વેચાણ ચાલતુ હતું. જેને પગલે નરેશજી અમરસિંહ ઠાકોર સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી ને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટે માનવસેવા અભિયાન થકી ભુખ્યાઓને ભોજન કરાવ્યું





ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તથા આજુબાજુના તમામ વિસ્તારોમાં ગરીબ અને અસહાય લોકો માટે ચોતરફથી અન્નદાન શરૂ થઈ ગયા છે. હાલની કપરી પરિસ્થિતિમાં ગુજરાતનું ખમીર ખળભળી ઉઠયુ છે. જેમાં સૌ સાથે મળી ભુખ્યાને બે ટંક ભોજન કરાવીને માનવતાની ફરજ બજાવી રહ્યા છે. જેમાં ગાંધીનગરની સરહદે અતિ વિકસીત એવા સરગાસણના ટીપી ૯ રહીશોના પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પણ કોરોનાના કહેર વચ્ચે ગાંધીનગર વિસ્તારમાં ભુખ્યાઓને ભોજન પૂરું પાડવા તંત્રની પરવાનગી મેળવીને રોજેરોજ ફુડ પેકેટ નું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ અંગે યથાશક્તિ દાન સાથે સ્વયં સેવકની પણ સેવા માટે અહીંના રહીશો દ્વારા ખુબ જ સરાહનીય રીતે પોતાનુ યોગદાન આપી પોતાની જવાબદારી નિભાવી છે. લોક ડાઉન પરિસ્થિતિ એટલે કે ૧૪ એપ્રિલ સુધી આ પ્રવૃત્તિ જાળવી રાખવામાં આવશે તેવું ટીપી ૯ વસાહતી એસોશિએશનના પ્રમુખ જગદીશભાઈ નમેરા અને સેક્રેટરી હિમ્મતભાઈ પટેલે જણાવ્યું છે. વધુમાં દેશભરમાં આવી પડેલી આ સંકટની ઘડીમાં સૌ સાથે મળી સામનો કરીશું અને નાના-મોટાના ભેદ રાખ્યા વગર તમામ મદદ માટે રહીશો દ્વારા બનાવવામાં આવેલ પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ ખડેપગે ઉભું રહેશે તેવી ખાતરી પણ અપાઈ હતી.

## સંસ્કાર ગ્રુપ કોરોના વાયરસને અટકાવવા પ્રાર્થના કરશે

ગાંધીનગર, તા.૩૧

સંસ્કાર ગ્રુપના પ્રમુખ તુષાર જે. દવે દ્વારા ગ્રુપના બાળકોને પરિવાર સાથે દરરોજ સાંજે એક જ સમયે ભેગા મળી કોરોના વાયરસ નાબૂદ થવાની પ્રાર્થના કરવાની વિનંતી કરવામાં આવી હતી. જેને લઈને આજથી સંસ્કાર ગ્રુપના પ્રમુખના પરિવાર તથા સમગ્ર બાળકોનો પરિવાર એક જ સમયે પોતાના ઘરે બેસીને સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલ કોરોના વાયરસને અટકાવવા પ્રાર્થના કરશે. નરેન્દ્ર મોદીજીના આદેશ મુજબ લૉકડાઉનનું પાલન કરી દરરોજ સાંજે શહેરીજનોને પણ પોતાના પરિવાર સાથે મળી કોરોના વાયરસ જેવી આફત જલ્દીથી ટળે તેવી પ્રાર્થના કરવા માટે સંસ્કાર ગ્રુપ દ્વારા અપીલ કરવામાં આવે છે.